# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | પરેશ રાવલ |
| કોર્સનું નામ - | એમ.એ. |
| વર્ષ - | **2023-24** |
| શીર્ષક - | માર્કણ્ડેય પુરાણના મદાલસા-ઉપાખ્યાનમાં વર્ણિત બાળશિક્ષા વિચારની સમીક્ષા |
| માર્ગદર્શકનું નામ - | ડો.જય ઓઝા |


કુમળા છોડને બાળપણમાં જ યોગ્ય વળાંક આપી તેનું સિંચન કરે છે અને સમય જતા તે કુમળો છોડ વિશિષ્ટ સંસ્કારોથી સુસજ્જિત એક વિશાળ વટ વૃક્ષના રૂપમાં પરિણમે છે. આજે મનોવિજ્ઞાન જે વાત કરે છે તે જ વાત તેણે પણ વર્ષો પહેલાં કહી છે કે પોતાનો સંતાન મોટું થઈ આજ્ઞાંકિત તેમજ સમાજજીવી બને.દરેક માતા-પિતા હંમેશા પોતાના સંતાનનું હિત જ ઈચ્છે છે. એ વાત આપણને અહીં રાણી મદાલસા ઉપરથી જણાઈ આવે છે.

મદાલસાએ પોતાના સંતાનોને અલગ અલગ બોધરૂપી જ્ઞાન આપી અલગ-અલગ દિશામાં વાળ્યા. તેમણે પ્રથમ ત્રણ પુત્રો ક્રમશઃ વિક્રાંત સુબાહુ અને શત્રુમર્દન વગેરેને આત્મા અને પરમાત્માના સ્વરૂપ અંગે બોધ આપ્યો. જેથી તે રાજકાર્યથી વિમુક્ત થઈ ગયા. પણ રાજાના કહેવાથી મદાલસા પોતાના ચોથા પુત્ર અલર્કને રાજનીતિ વગેરેના બોધરૂપી જ્ઞાનથી એક ઉત્તમ રાજા બનાવે છે. તેણે રાજાએ નિભાવવાના કર્તવ્યો અને જીવન જીવવાના સોપાનો વિશે વિગતે સમજ આપી છે.

આમ, રાણી મદાલસાએ સાબિત કરી બતાવ્યું છે કે બાળકને પ્રારંભમાં જ માતા-પિતા દ્વારા જે સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે એ જ રીતે તે બાળકનુ ઘડતર થાય છે. બાળકના જીવન ઘડતર અને વિકાસમાં માતા-પિતા અને આજુબાજુના વાતાવરણની મહત્ત્વની ભૂમિકા હોય છે.